પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા

સોમવાર, તા.૨૩ નવેમ્બર, ૨૦૨૬

૪૫૪. જાહેર હિસાબ સમિતિની બેઠક

જાહેર હિસાબ સમિતિની બેઠક સોમવાર, તા.૨૬/૧૦/૨૦૨૬ના રોજ મળી હતી. ઉક્ત બેઠકમાં સૌ પ્રથમ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અગ્રસચિવશ્રીએ સમિતિની બુધવાર, તા.૧૪/૧૦/૨૦૨૬ના રોજની બેઠકમાં તેઓ નાદુરસ્ત તબિયતને કારણે હાજર રહી શક્યા ન હતા તેવો ખુલાસો કર્યો હતો. જે પરત્વે સમિતિને માહિતગાર કરવામાં પ્રસ્થાપિત પ્રણાલી અને નિયમ મુજબ થયેલ વિલંબ પરત્વે સમિતિએ અગ્રસચિવશ્રીને ભવિષ્યમાં આવી બાબતે ૨૪ કલાક પહેલા સમિતિને જાણ કરવા બાબતે ધ્યાન રાખવા જણાવ્યું હતું અને સચિવશ્રીનો ખુલાસો ગ્રાહ્ય રાખતાં સમિતિએ તા.૧૪/૧૦/૨૦૨૬ના રોજની બેઠકમાં આ બાબતે મુખ્ય સચિવશ્રીને પત્ર દ્વારા જાણ કરવાનો જે નિર્ણય કર્યો હતો તે રદ કર્યો હતો.

ત્યાર બાદ સમિતિએ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને સંબંધિત સન ૨૦૧૯–૨૦ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તથા ૧૩મી ગુજરાત વિધાનસભાના પાંચમાં અહેવાલમાં અને ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલમાં સમાવિષ્ટ ભલામણો પર સરકારે લીધેલાં પગલાનાં પત્રકોની તપાસ હાથ ધરી હતી. સમિતિએ સન ૨૦૧૯–૨૦ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તથા ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલમાં સમાવિષ્ટ ભલામણો પર સરકારે લીધેલાં પગલાનાં પત્રકોની બેઠક દરમિયાન કરેલ સૂચનો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી. જ્યારે ૧૩મી ગુજરાત વિધાનસભાના પાંચમાં અહેવાલમાં સમાવિષ્ટ ફકરા ક્રમાંક : ૪.૧.૬ અને ૪.૧.૬.૩ સંબંધે સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણો પર સરકારે લીધેલાં પગલા સંબંધે અસંતોષ વ્યક્ત કરીને તેની તપાસ પડતર રાખી હતી અને તે સિવાયના તમામ ફકરાઓની ભલામણ પર સરકારે લીધેલ પગલાં સંબંધે સંતોષ વ્યક્ત કરીને તપાસ પૂર્ણ કરી હતી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

ચેતન પંડ્યા,
સચિવ,
ગુજરાત વિધાનસભા.